# Telephonic Conversation between PM and Amir of the State of Qatar

March 26, 2020

## વડાપ્રધાન અને કતાર સ્ટેટનાં અમિર વચ્ચે ટેલીફોન પર વાતચીત

માર્ચ 26, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કતાર સ્ટેટનાં અમિર મહામહિમ શેખ તમિમ બિન હમાદ અલ થાની સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

બન્ને આગેવાનોએ કોવિડ-19 વૈશ્વિક મહામારી સંબંધિત ચાલું ઘટનાઓ અને તેની સામાજીક અને આર્થિક અસર પર ચર્ચા કરી હતી. તેઓએ વાઈરસનાં ફેલાવાને નિયંત્રણમાં લેવા માટે તેઓનાં સંબંધિત દેશોમાં લેવામાં આવેલા પગલાઓની નોંધોની આપ-લે કરી હતી. વડાપ્રધાને સાર્ક જેશામાં તાજેતરમાં કરવામાં આવેલી પ્રાંતિય પહેલ અને દિવસે અગાઉ જી-20 આગેવાનો વચ્ચે થયેલા વર્ચ્યુઅલ શિખર સંમેલન વિશે મહામહિમ અમિરને માહિતગાર કર્યા હતા.

બન્ને આગેવાનોએ એવી આશા વ્યક્ત કરી હતી કે તમામ અસરગ્રસ્તો દ્વારા રોગનો ફેલાવો અટકાવવા માટે લેવામાં આવી રહેલા પગલાઓ વહેલા અને સકારાત્મક પરિણામો લાવશે. તેઓએ આ મહામારી સામે લડવામાં આંતરરાષ્ટ્રિય એકતા અને માહિતીનાં આદાન-પ્રદાન કરવાની અગત્યતા પર ભાર મૂક્યો હતો.

વડાપ્રધાને કતારમાં રહેતા અને કામ કરતા ભારતીય નાગરિકોની સુખાકારી પર  વ્યક્તિગત રીતે ધ્યાન આપવા બદલ મહામહિમ શેખ તમિમ બિન હમાદ અલ થાનીનો આભાર માન્યો હતો, ખાસ કરીને વર્તમાન પરિસ્થિતિમાં. મહામહિમ અમિરે કતારમાં વસતા તમામ ભારતીયોની સુરક્ષા અને સુખાકારી વિશે વડાપ્રધાનને ખાતરી આપી હતી.

વડાપ્રધાન અને મહામહિમ અમિર આગળ વધતી પરિસ્થિતિ પર નિયમિત સંપર્ક અને પરામર્શ કરવાનું જાળવી રાખવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**માર્ચ 26, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.